## શહેરમાં તસ્કરોની શિયાળુ બેટીંગ

# એક જ રાતમાં નવ દુકાનોના શટર તુટ્યા

### સે. ૨૩ અને ૨૪માં છ દુકાનોમાંથી રૂ. ૧.૧૨ લાખની ઉઠાંતરી : વાવોલમાં ત્રણ દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી : શટર નીચે જેક લગાવી શટર તોડતી ગેંગ પુનઃ સક્રિય થઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાં ગત વર્ષે સક્રીય થયેલી શટર તોડ ગેંગ લાંબા સમય સુધી શાંત રહ્યા બાદ પુનઃ સક્રીય થઈ ગઈ છે. શહેરમાં શિયાળુ બેટીંગની ગઈ રાતથી શરૂઆત કરતી આ ગેંગે એક જ રાતમાં નવ-નવ દુકાનોના શટર તોડીને પોલીસના વાઈબ્રન્ટ બંદોબસ્ત અને સઘન નાઈટ પેટ્રોલીંગની વાતોના લીરે લીરા ઉડાડી દીધા છે. સે. ૨૩ અને સે. ૨૪ની છ દુકાનોમાંથી રૂ. ૧.૧૨ લાખની ઉઠાંતરી કરવામાં ગેંગને સફળતા મળી છે. જ્યારે વાવોલ ગામમાં ત્રણ દુકાનોના તાળા તોડ્યા હતા પરંતુ મોટી માલમત્તા હાથમાં આવી નથી. નોંધવું રહેશે કે વાઈબ્રન્ટ શમિટમાં આવનાર વીવીઆઈપી મહાનુભાવોની સલામતી માટે રૂપરેખાઓ તૈયાર કરવા પાછળ ગાંધીનગર પોલીસ વ્યસ્ત છે જેના કારણે ગાંધીનગર પોલીસની કામગીરી પર સિધી અસર જોવા મળે છે. અને તેનો લાભ ઉપરાંત શિયાળાની ઠંડીનો લાભ તસ્કરો લઈ રહ્યા છે.




મળતી માહિતી મુજબ સે. ૨૪ સર્કલ પાસે શોપીંગમાં મધરાત્રે ત્રાટકેલા તસ્કરોએ ગંગોત્રી એન્ટરપ્રાઈઝ, ચામુંડા ફર્નિચર અને રાધિકા ફર્નિચરને ટાર્ગેટ બનાવી શટર તોડ્યા હતા. તે રોડની બિલકુલ સામે આવેલી ગણેશ પ્લાયવુડ દુકાનનું શટર પણ જેક વડે તોડી ચોરી કરી હતી. સે. ૨૪માં જ સ્થિત અંબિકા જ્વેલર્સના બે મુખ્ય શટરો તોડી ગ્રીલીંગ શટરના ત્રણ તાડા તોડી અંદરના બીજા શટરના બે તાળા તોડ્યા હતા. જ્વેલર્સની દુકાનમાં ૭ તાળાઓ તોડી અંદરથી ૬૦ હજારની કિંમતના દાગીના ઉઠાવ્યા હતા. તે ઉપરાંત બાજુની પ્રિન્સ હોઝીયરી દુકાનનું પણ શટર તોડ્યુ હતુ. તેવામાં દુકાનમાં સુતેલા દુકાન માલીક દિલીપભાઈનું પરીવાર ઉઠી જતાં બહારની તરફ આવ્યા હતા જેથી તસ્કર ગેંગ ભાગી ગઈ હતી. સે. ૨૩ અને સે. ૨૪માં ૬ દુકાનોમાંથી મળીને રૂ. ૧,૧૨,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ ચોરી ગેંગ ભાગી ગઈ હતી. બીજી તરફ વાવોલ ગામમાં પણ એક મોબાઈલની દુકાન સહીત ત્રણ દુકાનોના તાળા તુડ્યા હતા. પરંતુ કોઈ મોટી માલમત્તા ચોરી ન થતાં ફરીયાદ દાખલ થવા પામી નથી.




## શહેરી વિકાસ વિભાગ સામે સામાન્ય વહીવટની ટીમનો ૨૨ રને પરાજય

### સચિવાલય આંતર વિભાગીય ટુર્નામેન્ટની મેચમાં શહેરી વિકાસ વિભાગનો વિજય : ઓલરાઉન્ડ દેખાવ બદલ હિરેન ઉપાધ્યાયને મેન ઓફ ધ મેચ એવોર્ડ અપાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટ સે. ૨૧ના જીમખાના ખાતે રમાઈ રહી છે. આ ટૂર્નામેન્ટમાં શનિવારે શહેરી વિકાસ-શહેરી ગૃહ નિર્માણ વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે રમાયેલી મેચમાં શહેરી વિકાસની ટીમે ૨૨ રને વિજય મેળવ્યો હતો. આ મેચમાં ઉત્કૃષ્ઠ ઓલરાઉન્ડ દેખાવ બદલ હિરેન ઉપાધ્યાયને મેન ઓફ ધ મેચ નો પુરસ્કાર એનાયત કરાયો હતો.

આ મેચમાં શહેરી વિકાસ વિભાગની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૩૦ ઓવરમાં ૧૫૬ રન બનાવ્યા હતા જેમાં હિરેન ઉપાધ્યાય નોટઆઉટ ૩૧ રન, ભાવિન પટેલે ૨૨ રન, સંદીપ ગોહિલે ૨૧ રન અને તેજસ પટેલે ૧૪ રન ફટકાર્યા હતા. સામાન્ય વહીવટની ટીમ ૧૫૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ૨૮ ઓવરમાં ૧૩૪ રન બનાવી ઓલઆઉટ થઈ જતા શહેરી વિકાસ વિભાગનો ૨૨ રને શાનદાર વિજય થયો હતો. હિરેન ઉપાધ્યાય ત્રણ વિકેટ ઝડપી સામાન્ય વહીવટ વિભાગની બેટીંગને વેરવિખેર કરી દીધી હતી. તેમના ઓલ રાઉન્ડ દેખાવ બદલ તેમને મેન ઓફ ધ મેચની ટ્રોફી એનાયત કરાઈ હતી.



(તસવીર : સમીર રામી)

## શુકન સ્કાય કૌભાંડમાં વોન્ટેડ ભરત પટેલની આખરે ધરપકડ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં સ્થિત શુકન સ્કાય કોર્પો.ના ભાગીદારોએ મળીને ફલેટોની સ્કીમ મુકી ગ્રાહકો પાસેથી બુકીંગ તેમજ વેચાણપેટે રૂપિયા ઉઘરાવી દસ્તાવેજો કરી આપ્યા હતા. બેંકમાંથી આ જ મિલ્કત મોર્ગેજ કરીને રૂ. ૩૨.૫૦ કરોડની લોન મેળવી ભાગીદારોએ છેતરપીંડી આચરીને કૌભાંડ આચર્યુ હતુ. આ ગુનામાં ઘણા સમયથી નાસતા ફરતા માણસાના ભરત રણછોડ પટેલની ધરપકડ એલસીબીની એબસ્કોન્ડટ સ્કવોર્ડે કરી સે. ૭ પોલીસને સોંપ્યો છે. આ આરોપી શુકન સ્કાય કુડાસણ, શુકન ગોલ્ડ સોલા, શુકન રીવર વ્યુહ સરદારનગર, શુકન સ્ટેટસ ચાંદલોડીયાની સ્કીમોમાં પણ આરોપી ભાગીદાર હોવાનું ધ્યાને આવ્યું છે.

## આજે સે-૨૩માં આનંદનો ગરબો

ગાંધીનગરના સે-૨૩માં બી-૧ ટાઈપ પાસેના જય અંબે મંદિરે વરદાયીની ચોકમાં માઈ મંડળ દ્વારા તા. ૨૨મી ડિસેમ્બરે પોષ સુદ એકમના રોજ બપોરે ૨.૩૦થી ૫.૩૦ વાગ્યા દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આનંદના ગરબાનો લાભ લેવા નગરની તમામ ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## એપીએલ કાર્ડધારકોને રાહતદરે ઘઉં-ચોખાનું વિતરણ ચાલુ કરાયું

### અત્યાર સુધી રેશનીંગની દુકાનેથી બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને જ રાહતદરે અનાજ અપાતુ હતુ : મોંઘવારીમાં પીસાતા એપીએલ કાર્ડ ધારકોને પણ અનાજનો હક્ક મળતા આનંદનું મોજુ પ્રસર્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના ચિલોડા ખાતે રેશનીંગની દુકાનેથી એપીએલ ધારકોને પણ ચોખા-ઘઉંનું રાહતદરે વિતરણ કરવાનું ચાલુ કરાતાં મધ્યમ વર્ગીય એપીએલ કાર્ડ ધારકોમાં ખુશીનું મોજુ વ્યાપી ગયું હતું. ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યના એપીએલ કાર્ડ ધારકો માટે ચોખા-ઘઉંનું વિતરણ કરવાનું ચાલુ કર્યું છે.

અત્યાર સુધી સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને રાહત દરે અનાજનો પુરવઠો પુરો પાડવામાં આવતો હતો. જ્યારે તેનો લાભ એપીએલ કાર્ડ ધારકોને મળતો નહોતો. અત્યાર સુધી આ કારમી મોંઘવારીના સમયમાં આ લાભથી વંચિત રહેલા એપીએલ કાર્ડ ધારકોને હવે દર માસે ૬ કિલો ચોખા અને ૧૦ કિલો ઘઉં રાહતદરે મળી રહેશે. આ માટે દર માસની ૧ થી ૫ તારીખે એપીએલ કાર્ડ ધારકોને કોમ્પ્યુટરરાઈઝ સિસ્ટમ મુજબ રેશન કાર્ડ લઈ કુટુંબના મુખ્ય સભ્યના અંગુઠાનું નિશાન લઈ નિયત પુરવઠો આપવામાં આવશે. ચિલોડામાં સહકારી મંડળી સંચાલિત રેશનીંગની દુકાનેથી આ વિતરણ ચાલુ કરતાં એપીએલ ધારકોમાં પ્રસન્નતા જોવા મળી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ)

## રાંધેજા ખાતે સામૂહિક ગ્રામ સફાઈ અભિયાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, ગાંધીનગર જિલ્લા દ્વારા માન. વડા-ધાનશ્રીના સ્વચ્છ ભારત અભિયાન ને સાકાર કરવા રાંધેજા ખાતે આજરોજ ગાયત્રી પરિવાર, રાંધેજા, ગાયત્રી પરિવાર, ગાંધીનગર, સ્વૈચ્છિક સંગઠનો, સમસ્ત ગામજનો, ગ્રામ પંચાયત અને આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સામૂહિક ગ્રામ સફાઈ અભિયાન યોજવામાં આવ્યું હતું. સામૂહિક ગ્રામ સફાઈ અભિયાનનો આરંભ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે સફાઈ કરીને કરવામાં આવ્યો હતો.

આ -સંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીએ આઝાદીની લડતનો આરંભ કર્યો, તે સમયે લાખોની સંખ્યામાં તેમની સાથે લોકો જોડાયા ન હતા. પરંતુ ગાંધીજી વર્ષ-૧૯૧૯માં આફ્રિકાથી ભારત આવ્યા, ત્યારે તેમણે ગુલામ એવા આપણા દેશને આઝાદી અપાવવા માટે આંદોલન શરૂ કર્યું હતું. તેની ફલશ્રૃતિ રૂપે આપણને વર્ષ-૧૯૪૭માં આઝાદી મળી હતી. ગાંધીજીએ આરંભ કરેલ આઝાદીની લડતમાં એકબાદ એક દેશવાસીઓ જોડાયા હતા. તેમ જ દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યુ છે, તેમાં ધીમે ધીમે દેશના રાજકીય આગેવાનો, ફિલ્મ સ્ટારો, ખેલાડીઓ,ધાર્મિક અને સામજિક સંસ્થાઓ સહિત દેશના વાસીઓ જોડાવવા લાગ્યા છે. આજે દેશભરમાં સ્વચ્છતા અંગેની એક જાગૃતિ આવી રહી છે. વડા-ધાન દ્વારા શરૂ કરવામાં આવેલ ઉમદા અભિયાન અવશ્ય સફળ થશે તેવા દ્રઢ વિશ્વાસ પણ વ્યકત કર્યો હતો.








તેઓશ્રીએ ગ્રામજનો ભાર પૂર્વક કહ્યું હતું કે, આજે ગાયત્રી પરિવારના સભ્યો ગામની સામૂહિક સફાઈ કરી દેશે, પણ આ સફાઈને કાયમી રાખવાની જવાબદારી ગ્રામજનોની છે. જો ગામનો દરેક વ્યકિત સ્વયંભૂ આ સફાઈ અભિયાનમાં જોડાશે, તો ટુંકા જ સમયમાં ગામ સ્વચ્છ બની જશે. તેમજ નાની મોટી બિમારીઓ પણ ગામમાં આવતા અટકી જશે. તેમજ આગામી સમયમાં રાજય સરકાર દ્વારા સ્વચ્છ ગામની હરિફાઈ યોજીને વિજેતા થનાર ગામને ઈનામ આપવાની છે, તેમા રાંધેજા ગામ વિજેતા થાય તેવી આશા પણ વ્યકત કરી હતી.

જિલ્લા પંચાયત, ગાંધીનગરના -મુખ શ્રીમતી હિનાબેન પટેલે સફાઈ એટલે સર્વ માટે ફાયદાકાર ઈલાજ એવું કહીને જણાવ્યું હતું કે, ગામની સ્વચ્છતા તો આપણે સૌએ રાખવાની જ છે. પરંતુ તેની સાથે સમાજમાં પડેલા કુરિવાજો દૂર કરીને સ્વચ્છ સમાજનું નિર્માણ પણ કરવાનું છે. સમાજમાં દીકરીનું શું મહત્વ છે, તેની વિસ્તૃત વાત કરીને ઉપસથિત સર્વેને બેટી વધાવો કાર્યક્રમમાં જોડાવાની હાકલ કરી હતી. ગામમાં સ્વચ્છતા રાખવાથી ગ્રામજનોને શું ફાયદા થાય છે, તેની પણ તેઓશ્રીએ વિસ્તૃત વાત કરી હતી.

સફાઈ ઝુંબેશ માટે ઝાડું પકડવાથી વ્યક્તિમાં રહેલ અહંકાર દૂર થાય છે, અહંકાર માનવીના જીવનમાં દૂર થતાં ફાયદાઓની ગાયત્રી પરિવારના શ્રી -ફુલ્લભાઈ પટેલે વિસ્તૃત વાત કરી હતી. તેમજ તેઓશ્રીએ સત્યમે જયતે સાથે સાથે શ્રમમયે જયતેને પણ જીવનમાં અમલી બનાવતા શું ફાયદા થાય છે, તેની પણ દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક કરવા માટે આપણે સૌએ આપણી માનસિક્તામાં પરિવર્તન લાવવાની જરૂરિયાત છે, તેવું પણ ભારપુર્વક જણાવ્યું હતું. આ -સંગ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે ઉપસથિત સર્વે ગ્રામજનો અને ગાયત્રી પરિવારના સભ્યોને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. ગામમાં મુકવા માટે કચરા પેટી ગાયત્રી પરિવાર દ્વારા ગામના અગ્રણીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ગાયત્રી પરિવારના શ્રી -ફુલ્લભાઈ પટેલે કર્યુ હતું.

-સંગે રાંધેજા એપીએમસીના -મુખ શ્રી રસિકભાઈ પટેલ, રાંધેજા ગામના મહિલા સરપંચ શ્રી શોભનાબેન પટેલ, લાયોન્સ કલબના -મુખ શ્રી ચંદાબેન યાદવ અને મંત્રી શ્રી ડિમ્પલબેન, ગાંધીનગર જિલ્લા ભાજપના -મુખ શ્રી નૈલેશભાઈ શાહ, તાલુકા પંચાયતના સદસ્ય શ્રી જશુજી પરમાર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને ગાયત્રી પરિવારના સભ્યો ઉપસ્થિત રહયાં હતાં.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૫.૫૮

### તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૧ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
એકશન જેકસન : ૩.૪૫, ૧૦.૦૦
લિંગા (તમીલ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
પી.કે. : ૧૧.૧૫
: સ્ક્રીન-૬ :
પી.કે. : ૧૦.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. બબાજી મંગાજી ઠાકોર (ઉ.વ.૫૦) ગામ -બોરીજ, નવાપરા, તા.જી. ગાંધીનગર
- સ્વ.રમેશભાઈ મોહનભાઈ તલવાડી (ઉ.વ.૫૧) મુ. વાવોલ, કિર્તીધામ સોસાયટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. રઈબેન પ્રહલાદભાઈ પટેલ (ઉ.વ.૬૫) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર